સ—આશા

— અથવા —

સ્ફુરણ લેખ સંગ્રહ અને રીપોર્ટ.


પુષ્પ ૧ લું.

પ્રમુખઃ—વિશ્વનાથ હરિશંકર.

કાર્યકર્ત્તાઃ—કાંતિલાલ નારાયણ.
ઈચ્છારામ ભુલાભાઈ.

પ્રકાશકઃ—રમણલાલ લલ્લુભાઈ.

ઠો૦ વશીફળીઆ—હાલર. તાલુકે વલસાડ




નૂતન વર્ષાભિનંદન.

લેખકઃ—રા. વિશ્વનાથ હરિશંકર.

માલિની છંદ.

સરસ સરલ ચિત્તે, વિચરો વિશ્વમાંહિ;
પ્રસન્ન વદન પદ્મે, વિકસો વર્ષમાંહિ.
નયન પરમ પ્રેમી. ઠારજો કર્મ માંહિ;
જીવન નવલ વર્ષે, ગાળજો જ્ઞાનમાંહિ.




"સંપનું વાજું"

(જમાનો તો બદલાયો રે—રાગ)

અમર તું જીવજે ઝાઝું રે, વગાડજે સંપનું વાજું રે;
નૂતન વર્ષે તારા નબીરા, ઉન્નતિ ત્હારી ચહાય;
સંપથી આશા ફલિત કરવા, પ્રેમે એકત્ર જ થાય—અમર તું
સંપે સેવા સંપે શાંતિ. સંપે સંપ મેળવાય;
સંપે આશા અમર કેરી, નૂતન રંગ રંગાય—અમ

રાજા મહારાજા રંક તવંગર,
હરખના હૈયે પૂર આણીને, કરે છે
વ્હાલા વેરી જેવું રાખ્યું નથી, કુસંપને
અમૃતવાણીના પ્યાલા પીવરાવી, આણ્યું / યુવકોમ
હેતુ તારો સિદ્ધ થવા માગ, દ્રઢ તણો સહકાર,
પ્રભુ કૃપા રૂપી પૂર્ણ પ્રસાદી, વરતાવે જય જયકાર—અમ

ૐ



નમ્ર યાચના.

લેખક:—પરસોતમ શંભુરામ પંડયા.

(રાગ—ગઝલ.)

અરે, ઓ જ્ઞાતિના નેતા, કરે પ્રણામ 'સંઘ' તમને,
કરો કંઈ જ્ઞાતિ સુધારા, દયા લાવી ખરે! દીસે;
સુધારાને કરી પ્રણામ, કુધારા સૌ કર્યા દાખલ,
છતાં સૌ મોજ માણીને, ચલાવો છો હજી આગળ;
જરા વિચારીને જુવો, અરે ! ઓ જ્ઞાતિના વીરા,
કુકર્મો છે થયાં ઝાઝા, દિલ દુઃખ થાય છે કે'તાં;
કરાવો ખર્ચ બહુ મોટા, એ શું હિત ધારો છો,
ગરીબીમાં સહુ ડુબ્યા, છતાં શી મોજ માણો છો;
કરો બંધ લગ્ન સાટાના, વિચારી જ્ઞાતિની મહત્તા,
મનાયે શ્રેષ્ઠ સૌમાંએ, ન ડુલો અંધ શ્રદ્ધામાં;
યુવાનો; હદ ગઈ ડુબી, કહે શું ધર્મ બ્રાહ્મણનો ?
મુરબ્બી સાથ દઈ અમને, પ્રભુને ઓળખી હીંડો;
તજી પક્ષો તણી મમતા, સૌ એકત્ર થઇ ચાલો,
કુસંપો સૌ બધા છોડી, સુસંપ જ્ઞાતિ મહીં સ્થાપો;
અરે! ઓ જ્ઞાતિના વીરા, નજર જ્ઞાતિ તરફ રાખો,
યુવાનો આત્મભોગ દઈને, કુધારા જ્ઞાતિથી કાઢો;
" તમારી આત્મ શ્રદ્ધા તો, થશે ઉદ્ધાર જ્ઞાતિનો, "
" પ્રભુ છે યાચના મ્હારી, કરો ઉદ્ધાર જ્ઞાતિનો; "

—આછું—દિગ્દર્શન.—

"ઉપાધી" (રમણલાલ લલ્લુભાઇ) વલસાડ.

ભાગ ૧ લો.

શ્યામવર્ણના વાદળાંથી આખુંયે વ્યોમ ઘનઘોર છવાયેલું હતું, સરીતાના શ્યામવર્ણી વારિ ભિષણ નાદ કરતાં હતાં. સમય સંધ્યા–કાળનો હતો. એ સરીતાની નજીકમાંજ એક ગામ હતું અને સરીતાના તટપર એક શિલા ઉપર ભગ્ન હૃદયના સ્ત્રીપુરૂષ થોડે થોડે વારે ઉંડા નિશાશા નાંખતા માલમ પડતા હતા. સ્ત્રીના મુખથી બહાર પડતા શબ્દે ખેતર તરફથી પાછા ફરતા સુરેશને ત્યાંજ અટકાવ્યો. ઝાડને ઓથે સુરેશ ઉભો રહ્યો અને તે દુઃખી જિવાતોની કા'ણી સાંભળવાને ત્યાંજ છૂપાયો!

એકવાર પૂનઃ ઉંડો નિશાશો નાંખી તે સ્ત્રીએ બોલવું શરૂ કર્યું, હે, પ્રભો! શા શા સીતમનાં ફ્હાડો હજીયે વરશવાના બાકી રહ્યાં છે? જગતરૂપી વાડીના બધાયે પુષ્પો ત્હેંજ સરજાવ્યાં છે. તુંજ સર્વને જિવાડનારો છે અને સર્વને હણનારોયે તુંજ છે! છતાં કારણ વિનાનું મૃત્યુ થયું હોય એ'વું મેં કોઇ જગ્યાએ વાંચ્યુંયે નથી, ભાળ્યુંયે નથી અને સાંભળ્યુંયે નથી. ખરેખર, પ્રભુ! ત્હારી લીલા તો વિચીત્રજ છે. પામર મનુષ્યો તે ક્યાંથી સમજિ શકે? મધુસુદન, ત્હારી નાંખેલ મોહમાયાજાળમાં દિવસ રાત્રીની હરેક પળમાં કેટલાયે જિવાતો સપડાતા હશે!

"ખરેખર કારમી કુદરત, હજારોને નચાવે છે,"
"બરાબર લાવી કિનારે, અચાનક તું ડુબાવે છે;"
"બને મસ્તાન અભિમાને, "ઉપાધી" મહીં ડુલાવે છે,"
"ન રાખે ગર્વ બંકાનો, ઘડીભરમાં ઉતારે છે."

હે, જગતનિયંતા! હમારી આ દશા કરી તો પણ ત્હને હજી શાંન્તિ નથી વળી? હવે રે'મ કર! પ્રભુ, રે'મ કર! નથી સહી શકાતું, પ્રભુ! હદ થઇ! 'ધગધગતા અંગાર' રૂપી સંસારમાં ત્હેં હમને બહુ તપાવ્યા તોયે હજી હમે રંક ત્હારી કસોટીમાંથી પસાર ન થયા?

વ્હાલી, ભારતી! ધીરજ ધર પ્રભુ જે કરે તે સૌ સારા માટેજ કરે છે. આમ આકળી મા થા! ભૂતકાળમાં થઈ ગએલા રાજવીનાં જિવનો યાદ કર. એઓનાં ઇતિહાસને ત્હારા હૃદયપર લાવી તાજાં કર. આ દશામાંજ પ્રભુએ–આપણું શ્રેય સંતાડયું હશે! વ્હાલી, સાંભળઃ—

"અઘોર વનમાં અર્ધ વસ્ત્રે, દમયંતી છોડી નળ ગયો,"
"છૂટાં થતાં રાણીથકી, બાહુકવેષી એ બન્યો;"
"નિંદથી જાગૃત થતાં, માર્ગે નડયો અજગર અરે!"
"વ્યામા પડી બેભાનમાં, જ્યાં પારધીએ ઉગારીરે."
"રાજા અને રાણી હતાં, (પણ) કિસ્મત લખ્યું તે નહિ ટળે,"
"અસહ્ય દુઃખો ભોગવ્યાં, હરિચંદ્રે તારા સાથરે;"
""ઉપાધી"મય સંસાર શાણી, ચઢતી પછી પડતી ખરે!"
"પડતી પછી ચઢતી થતી, એ ક્રમ ના બદલાયરે!"

વ્હાલા રમેશ! હું બધું સમજુ છું, પણ હવે તો મ્હારી બુદ્ધિ બ્હેર મારી ગઇ છે. રમેશનાં ખોળામાં માથું મૂકી ભારતી મગજની અશાન્તિમાં લવવા લાગીઃ—

યમરાજે માતા લીધી–પિતા લીધા! છેવટનાં દીલનાં સંતોષ અને પિઅરનાં આરામ મ્હારાં

ભાઈ અને બ્હેન પણ ખૂંચવી લીધા ! રડી રડી આ...
થયું–પતિદેવના આશરે આવી ! જ્યાં પડેલા દુઃખોના ઘા હજી રૂ...
જેવાં કરપીણ બનાવોએ સ્થાન લીધું. અગ્નિદેવે ઘર બાળ્યું ! ...મ૨
બાકીમાં રહ્યાં હું, મ્હારા પ્રાણાધાર, મ્હારી ઈન્દુ અને બાપુકી ...ારી ભૂમા..
નાનોશો ટુકડો. સમય કે'વો વિચીત્ર ! એજ વરસમાં પતિનાં ...ભાગ્યે...તા શેઠે વ્યાપારમાં ખ..
પતિદેવને નોકરીથી ફારગ કર્યા ! એ નાનાશા ટુકડાથી પોષણ કરવા શહેર છોડી ગામ આવ્યા. થોડા વખતમાં ઈન્દુના લગ્નનો સમય આવ્યો. 'જ્ઞાતિ વ્યવહાર' અને 'બાપદાદાની આબરૂ' જાળવવા પ્યારીભૂમી 'ગીરો' મૂકી ઈન્દુનો કુંવારો ઘડો ઉતાર્યો કરજ ન ભરાયું એટલે એક બાજુએ ગીરો મૂકેલી જમીન ગઈ અને બીજી બાજુએ હાય ! (નિશાશો નાંખે છે) મ્હારી વ્હાલી ઈન્દુ, નયનનું મોતી–અમારી રંકની ઝુંપડીનો ઝળહળતો દીપક અચાનક સદાને માટે ગૂલ થયો–બુઝાય ગયો !

આટલું બોલી ભારતી ઝબકી બેઠી થઈ ઈન્દુ, ઈન્દુ આવ ! એમ બે ત્રણ વાર બોલી પાછી જમીન પર પછડાય. ભારતીને બરાબર સૂવાડી' અશ્રુથી ભિંજાયલા ગાલને લૂછતો રમેશ પાણી લેવા દોડયો. છૂપાયલો સૂરેશ પણ ત્યાં સારવાર કરવા આવી ખડો થયો. ભારતી હજી બેશુદ્ધ અવસ્થામાં હતી, ત્યાં સૂરેશે આ સ્થિતિનું કારણ પૂછ્યું. અશ્રુ સારતી આંખે અને ગળગળા અવાજે રમેશે જણાવ્યું કે ભાઈ 'સમાજે–સગાંએ હમને આ સ્થિતિમાં ન સંઘર્યા' એટલે ખાંધે ખાદીની ઝોળી ભેરવી ભીખ માંગી ભટકી રહ્યાં છે. ભારતી ભાનમાં આવી એટલે સૂરેશ તેઓને પોતાને આવવાનો આગ્રહપૂર્વક વિનય કર્યો પણ ભારતીએ અને રમેશે ના પાડી. સૂરેશનો ઉપકાર માની તેઓ પૂર્વદિશા પ્રતિ ચાલી નીકળ્યા ! તેઓ દ્રષ્ટિમ્હાર થયાં ત્યાંસુધી સૂરેશ તેઓને જોઈ રહ્યો અને ઘર તરફ વળ્યો. સમાજ સગાં માટે ત્હેને પણ તિરસ્કાર આવ્યો.

× × × × × ×

વાંચક, આટલી બધી આપત્તિઓ એ દંપતિ પર પડી છતાં તેઓને હજુ શાંન્તિ નથી ! દુઃખદ સ્થિતિમાં **'સમાજ–સગાંએ'** આશરો ન આપ્યો. માટે વાંચક, ચેત ! **'સંસાર ખાંડાની ધાર છે,' 'સમાજ કાળો નાગ છે,'** અને **મરણ એ જિંદગીની છેલ્લી દશા છે.'**

" માનો હૃદયથી માનવી, આ ચાર દિનની ચાંદની"
" પાંચમે દીન જાણજે, ચાલી જશે એ સાહ્યબી;"
" આવે ભલે આફત હજારો, પણ ટેકને તજશો નહિ;"
" રહેવું લખ્યું જે કિસ્મતે મૂંગા રહી રહેજો અહીં."
" લાગી નથી જેને દીલે, દુઃખ દર્દની ગાંડી પીડા,"
" સમજે નહિ તે માનવી, ઝેરી જગતની આપદા;"
" સંસારરૂપી વાડીમાં, આવે 'ઉપાધી' અવનવી,"
" સમાજરૂપી સંગ્રામમાં, નડતી મુશીબત હરઘડી."

રમેશ–ભારતી પેલા ભવનાં કર્મ ભોગવી રહ્યાં હો યા તો ગમે તેમ તે હું કહી શકતો નથી. પણ વાંચક ! તું સદા સદ્‌માર્ગે વિચરજે, હરઘડી પ્રભુને સંભારજે અને સબડતી સમાજને ટેકારૂપ થજે અને જગતમાં ઝઝૂમતા સિતમનાં પ્હાડો પર આછી દ્રષ્ટિ ફેંકી સદા સુકરણી કરજે ! **અસ્તુ !**

શાંન્તિ ! શાંન્તિ ! શાંન્તિ ! ! !

જય એકલંગ.

વિપ્ર ધર્મ લેખાંક બીજો.

લેખકઃ-રા. કાંતિલાલ.

ઉત્તરની ભૂમિમાં કોઇ રાજાએ ત્રાસ પાડયો હશે; ત્યારે થોડા બ્રાહ્મણો એકલંગજીની મૂર્તિને પડી, અભયદાન માગી દખ્ખણ તરફ ઉતરી આવ્યા. આજે તેઓ ચોર્યાસી મેવાડા બ્રાહ્મણને નામે ઓળખાય છે. એમના ઈતિહાસનો એક લગડો છે. તે એટલા કારણથી કે અહીં આવ્યા પછી તેઓ એકલંગજી મહાદેવને ભુલી ગયા.

એક લંગ, એક લિંગની વ્યુત્પતિ છે. એનો ભાવાર્થ શિવમૂર્તિની એક શાખા એવો થાય. ભાવાર્થને આગળ લંબાવિયે એટલે એકલિંગના પૂજકો એક તનમનવાળા હોવા જોઈએ એવું નિકળે અને આપણો આધુનિક ઈતિહાસ લંગડાય છે એ વાત ખરી હોય તો આપણે આપણા ઈષ્ટદેવ (એકલંગજી)ને ભુલ્યા છીએ. એ પણ સાચું છે.

કોઇ વૃદ્ધને પૂછશો તો જણાશે કે પહેલાં એક લંગજીના ભકતો હતા, હવે મને પૂછો તો કહું કે લાડુ અને પક્ષાપક્ષીના ભકતો વધ્યા છે. આ વાતમાં ઉંડા ઉતરવાનો મારો ઈરાદો હાલ નથી. પણ આપણા લોકો દેવને ભુલે તે મારાથી ખમાતું નથી. ખાવાનું ભુલીએ પણ પ્રભુને વિસાર્યે તો ખાવાનું મળશે નહિ. મનમાં આપણે જે સારી પેઠે જાણીએ છીએ તે વાતને હું નમ્રતાથી અને સેવા ભાવથી કહું તો કોઈ ચમકશો નહિ. તડ વધ્યાં, અવિશ્વાસ અને ઝેર વેર વધ્યાં, આપણી નામર્દાઈ અને હેવાનિયત પણ વધ્યાં, આપણે નાના બાળકનાં ચોથીઆંના જમણની શરૂઆતથી તે કન્યા વિક્રય સુધી મુસાફરી કરી. છાણમાં કીડા ખદબદે તેવી ન્યાત ખદબદતી જેને લાગતી ન હોય તેમને લખી જણાવે. આપણે હાલ જે કરીએ છીએ તેમાં આગળ ન વધવાનો વખત આવી પહોંચ્યો છે એમ મને લાગે છે. હવે ધીમે રહીને પાછા વળો.

હું દેહનો સુધારક છું તેથી મેં મારી વાત એકલંગજીથી શરૂ કરી છે. જે કુવાનું પાણી આપણા બાપદાદાઓએ પીધું છે તેનેજ ફરી ગળાવીને હું પીવાવાળો છું. મને આપણા શાસ્ત્રો અને ધર્મ પ્રાણ જેટલા પ્રિય છે. તેથી આપણે હૃદય પર હાથ મુકી પાછા વળીએ એમ હું ચાહું છું, કવિ દલપતનું "ધીરે ધીરે સુધારાનો સાર" એ વાકય કરણીમાં મુકવાનું હું તમને સુચવું છું. મારા યુવાન મિત્રોને મારી સલાહ છે કે આસ્તે રહીને ફરશો તો ઠીક થશે નહી તો આમાં સાહસ કરેલું ફાવે તેમ નથી. વૃધ્ધોને વિનંતી છે કે તમારા અનુભવ બોલથી આ "સંઘ" ને પગલું ભરાવશો તોજ એ કાશી સહીસલામત પહોંચશે. અને પાછાં ફરતી વેળા મારી સૌને અરજ છે કે "જય એક લંગ" નો પોકાર કરજો.

પણ આ બધું કયારે થાય? આપણે સૌ એક થઇએ તો મારા નમ્ર મત પ્રમાણે હાલ એક રસ્તો છે તેનો બાળકથી વૃદ્ધ સુધી સૌ લાભ લઇ લે, અમે જે સંઘ સ્થાપ્યો છે એના સૌ સભાસદો બને. કારણ એનામાં સમુહની પ્રેરક શકિત છે. એટલે એની તળે આપણે એકત્ર થઇ ઐક્ય સાધીએ.

વૃધ્ધો ન માને કે આ જુવાનીઆ ટોળા .
છે. આમાં (સંઘમાં) પક્ષી છે, સ્વાર્થ છે, પ્રપંચ છે. પૈસા ખા
નહિ. તેમ એ કંઈ ન કરી શકશે એમ પણ માનશો નહિ. તમે ધા
તથા બ્રહ્માંડે વ્યકિતનું કરેલું શ્રાધ્ધ સમાજ આખાને પહોંચી રહેશે.
નિરાશાવાદીને શાસ્ત્રોએ નાસ્તિક ગણ્યો છે. દરેક મેવાડો આસ્તિક છે, એમ બતા.

વૃદ્ધ અને યુવાન વચ્ચે શારિરિક ફેર સિવાય બીજો ભેદ નથી. બાપ દીકરામાં ભેદ ગણ્, તો વૃદ્ધ યુવાનમાં ગણજો. આમાં તો બધાએ આંગળી પકડીને ચાલવાનું છે. કારણ કે એમ સમજી ચાલીશું કે એક લંગજીના દર્શને ચાલ્યાં. અને પવિત્ર કાર્યમાં ઢીલ ન હોય. પાપ કરવાના હોઇએ તો કદાચ મુરત જોવડાવીએ. પણ પવિત્ર કાર્યમાં તો શુભસ્ય શીઘ્રમ.

હવે તો સ્પષ્ટ થયું કે "સંઘ" ના સભાસદ બનવું એ પવિત્ર કાર્ય છે, તો દરેક જણુ એના સભ્ય બને એવી મારી વિનંતી છે. જય એકલંગ.

મારી ભુલ.

ગુણ પ્રગતિની સાથે દોષ પ્રકાશન એ પણ એક જાતનો ગુણ છે એ વાત ધ્યાનમાં રાખી જે બીનાનું ટાંચણ હું નીચે કરૂં છું તેની નોંધ લેવા સૌને વિનંતી છે.

મારી સરત ચુક અને કંઇક બેદરકારીથી મારે ઘરથી મારી બ્હેનને ટાપલો થયો. થયો ત્યાં સુધી હું નિશ્ચેતન હતો. પછી જાગ્યો, અને ભૂલ સ્પષ્ટ ભાસી. ભૂલ મેં તુરત કબુલ કરી અને પ્રાયશ્ચીત તરીકે મેં અને મારી માએ એક દિવસ અપવાસ અને સવા રૂપીઓ જ્ઞાતિ ફંડમાં આપવો એટલું કીધું છે.

મારા સ્વ. પૂજ્ય પિતા એના વિરોધી હતા એ વાત સાંભળી ત્યારે હું અત્યંત શરમાયો. અને આથી મારી સૌને અરજ છે કે આવી પ્રથા ન પડે તેથી સૌ મને અપવાદરૂપે ગણવાની ઉદારતા બતાવશે. સમષ્ત જ્ઞાતિની હું આ બદલ માફી માગું છું.

સૌ આના પર પવિત્ર પણે વિચાર કરશો એવી આશા સાથે.

લી. કાંતિલાલ.

મુરબ્બીઓની સોનેરી સુચના.

મુ૦ જદુરામ કલ્યાણજી, મંછારામ દીનાનાથ, મંછારામ ગોંસાઈ તથા જમીઅતરામ કલ્યાણજી સિવાય ઘણા સજ્જન મુરબ્બીઓના અભિપ્રાય પત્રો મળી ગયા છે તેઓની અગત્યની સૂચનાનો અમો અંતઃકરણ પૂર્વક ઉપકાર માનીએ છીએ. તેમાં રા૦ પંડયા ભીખુભાઇ કૃષ્ણારામની નર્મદ પદ્ધતિએ નવજતાં દલપત તેમજ નવલની પદ્ધતિ વર્તવાની સૂચના તેમજ રા૦ દીનાનાથ નારાયણની ઉત્તમ, મધ્યમ યા કનિષ્ઠ પ્રવૃત્તિ પણ હેતુ સૂચક હોવી જોઈએ; કેમકે બીજનો અભાવ થએ શરીરાદી રૂપ ફૂલ કેમ સંભવે ! એ સૂચનાનો ખાસ અગત્યની સમજીએ છીએ. બાકીના સજ્જનો જ્ઞાતિ સભામાં દ્વેષની ગંધ જુએ છે, અને તેથી દૂર રહેવા ભલામણ કરે છે. તે પણ નોંધ લેવા જેવી છે. (પ્રમુખ)

તા. .-૩૦ ની વાર્ષિક સભાનો હેવાલ.

ર જણાવેલી તારીખે ઉદવાડા ધરેશ્વરનાં દેવાલયમાં એ સભા મળી હતી. લગભગ પચ્ચીસ જર હતા. દરેકમાં ઉત્સાહ હતો. દરેકને પોતાના નૈકર્મ્યપણાનો ખેદ થતો હતો. સભાનું નાચે ---યું થયું હતું:—

• ચૂંટણી.

વ્યવસ્થાપક સભા:—

વિશ્વનાથ હરીશંકર (પ્રમુખ)
બાલકૃષ્ણ પુરશોતમ (ઉપપ્રમુખ)
કાંતિલાલ નારાયણ (મંત્રી)
રમણલાલ લલ્લુભાઈ (મંત્રી)
ઇચ્છારામ ભૂલાભાઈ. (ખજાનચી અને સહમંત્રી.)

૧. મોહનલાલ શંભુરામ. (ઓડીટર અને સભાસદ)
૨. ઇચ્છારામ ધીરજરામ. (સભાસદ)
૩. ભગવતીશંકર સૂર્યરામ. („)
૪. હિમતરામ ઘેલાભાઈ („)
૫ ઉમેદરામ નારાયણ. („)
૬. પરશોતમ શંભુરામ („)
૭. કાલીદાશ ભગવાનજી. („)

૨. ભાષણો:-(ટુંકમાં)

માજી પ્રમુખ ભાઇશ્રી બાલકૃષ્ણે ગયા વર્ષમાં ઓછી પ્રવૃત્તિને લઇ શોક પ્રદર્શિત કર્યો હતો. અને દરેક યુવાનને જાગૃત્ત રહી આગળ ધપવાની વિનંતી કરી હતી.

નવા પ્રમુખશ્રીએ પોતાને પ્રમુખ તરીકે ચૂંટવા બદલ સભાનો આભાર માન્યો હતો, દરેકને નકામા દેખાવ કરવા કરતાં કંઈ વર્તનમાં મૂકવાની વિનંતી કરી હતી. દેવના મંદિરે ભેગા થવાની જવાબદારી તે સ્થાન છોડી ગયા પછી પણ તેટલીજ રહી કાર્યમાં પરીણામે એ'વું જોવાની તીવ્ર અભિલાષા બતાવી હતી. જેમ દરેકને ધર્માનુસાર પોતાનું કાર્ય કરવા દેવાલયનાં દેવ પોકારી રહ્યા ન હોય તેમ પ્રમુખનું અનુભવ સાન દરેકને જાગૃત રહેવા ફટકા મારી રહ્યું હતું. નવા પ્રમુખમાં 'ઠરેલતા' અને 'ઉત્સાહ' સુયોગ મળ્યો છે. એમની નીચે સભા તાલીમ મેળવવાની આશા રાખે છે. ભાષણ બાદ એઓ ઠરાવો ઘડતા જતા અને બીજાનાં ભાષણોમાં સંપૂર્ણ ચિત્ત પરોવતા હતા.

તે બાદ ભાઇશ્રી રમણલાલે પોતાનાં રાજીનામા છતાં પોતાને ફરી ચુંટવા બદલ સભાનો આભાર માની કાર્યક્રમ અને સમાજ બંધારણ પર પૃથક્ પૃથક્ વિવેચના રૂપ લાંબુ ભાષણ કીધું હતું. રમણલાલ આપણા 'સંઘ'ની 'જિવન્ત-શક્તિ' છે. માર્ગદર્શન થતાં તે પર પ્રયાણ કરવા કટીબદ્ધ, થનાર એના જેવા સ્પષ્ટ વકતા 'યુવક' ન્યાતમાં બીજા નથી.

તે પછી ભાઇશ્રી કાંતિલાલે પોતાના સુધારામાંથી મરણ પાછળ થતા ખર્ચને પ્રાસંગિક માની તે પર લાગણી ભર્યું ભાષણ આપી પ્રેતભોજન ન કરવા કરાવવા દબાણ પૂર્વક વિનંતી કરી

હતી. એમનાં ભાષણમાં 'ધર્મની પ્રસ્તુ[illegible]' વિશેષ -
એનું એમને સાચું જ્ઞાન હોવાથી તેઓને વધારે ખટક્યા કરે છે.

તે ઉપરાંત ભાઈ ઇચ્છારામ ભૂલાભાઈની પ્રાસંગિક સૂચનાઓ [illegible]
[illegible] આપતી હતી, અને ભાઈ મોહનલાલે વાંચન માટે એક નવા [illegible]
[illegible] 'સાચી નિષ્ઠા' બતાવી હતી. તે ઉપરાંત બીજા કેટલાક સભ્યોની [illegible]
[illegible] સૂચનાઓ ઉપયોગી થઈ પડી હતી.

ઠરાવો:—'વાંચન' અને 'સંઘ' ને આર્થિક મદદ મળે એ ઉદ્દેશથી જે ઉઘરાણાની ચોપડી બ્હાર પાડવામાં આવી છે અને સભ્યો વચ્ચે વહેંચવામાં આવી છે. તેની તેઓ સાચી ચળવળ કરી ઉપયોગિતા સાર્થક કરે. જે સભ્ય પ્રમાદી બની બેસી રહે એમ લાગે તેનો હિસાબ ચૂકતે લઇ વ્યવસ્થાપક સમિતિ તેને બરતરફ કરી શકશે.

અ. મરણ પાછળ થતા ખર્ચો અયોગ્ય છે, છતાં કેટલાક સંજોગો ધ્યાનમાં લઇ આ સભા પ્રબંધ કરે છે કે ચાળીસ અગર તેની નીચેની કોઈ પણ વ્યકિતના અવશાન પાછળનો ખર્ચ પાપમય હોઈ તેમાં આ સભ્ય કોઈ પણ જાતનો ભાગ લેશે નહિ.

બ. ચાંલ્લો, સીમંત વિગેરે પ્રસંગો સામાન્ય અને નજીવા હોઈ તેના ખર્ચો નજ થાય અને આચરણમાં મુકવા આ સભા સભ્યોને નિયમમાં લે છે તથા અન્યને પણ કરવા વિનંતી કરે છે.

૨. આપણા 'સંઘ'ની નેમ હાલ વાંચન પુસ્તક પ્રસિદ્ધ કરવાની હોઇ તેનાં એક પગલાં તરીકે વ્યવસ્થાપક સભાનું કોરમ પ્રતિનિધી મંડળરૂપે વૃદ્ધ મંડળ પાસે દિવાળી પર એક દિવસ નકકી કરી પાછલાં નાણાં વિષેના સવાલનો ફડચો કરવા જાય.

૩. હાલના પ્રમુખ વિશ્વનાથ હરિશંકર જે એક 'યુવક મંડળ'ના પ્રમુખ હતા, તેમને આ સભા ભલામણ કરે છે કે તેમણે પોતાને ઘટે તેવી રીતે એ ગતમંડળના નાણાં આ સંઘ'ને મળે એવી યોજના કરવા તસ્દી લેવી

૪ સદ્‌ગત ડૉ૦ નારાયણ કૃષ્ણારામ જોશીની પ્રેરણાને લીધે આ **'સંઘની ઉત્પત્તિ'** થવા પામી છે. તેઓ ન્યાતની ઉન્નતિના સાચા હીમાયતી હતા અને તેમની ન્યાત પ્રત્યેની સેવા પણ અમૂલ્ય છે. તેમની સલાહની ખોટ આ ઉગતા સંઘને જેવી તેવી નથી તેમના અવશાનની નોંધ ખેદપૂર્વક લઇએ છીએ. પ્રભુ તેમના આત્માને શાન્તિ અર્પો!

૫ ભાઇશ્રી મોહનલાલની જે કમાતા યુવકો હોય તેઓ 'સંઘ'ને વાંચન પુસ્તક માટે દરમાસે બેચાર આના જેવી નજીવી રકમ આપે એ'વી સૂચનાને આ 'સંઘ' વધાવી લે છે.

આ પછી બંધુભાવ દાખવતા યુવકો, પ્રમુખે સભાનુ કામ સંકેલી લેવાની આજ્ઞા કરવાથી સભા બરખાસ્ત થયે છૂટા પડયા. **અસ્તુ !**

એ તો ખોટુંજ કહેવાય !

યુવક સંઘના સભ્ય અને મેનેજીંગ કમીટીના મેમ્બર હોય સહર્ષ શ્રીમંત જેવા અસહકાર કરેલા ખર્ચમાં ભાગ લે! સંઘના બંધનને બાજુએ કરવો એ તો ખોટુ જ કહેવાય! મુરબ્બીઓને અને યુવાન ભાઇઓને નમ્ર યાચના છે કે આ'વા નજીવા ખર્ચને સદંતર નાશ કરવા આગળ વધે! સંઘના સભ્યે સંઘને બેવફા નજા થવું જોઇએ તોજ યુવકોનું યુવકત્વ પ્રમાણ.   'પ્રકાશક.

આપણા વિષે કંઇક.

નીચેની થોડાં હકીકત ભસૈંસામાત્ર સ્થળેથી મળી આવવાથી હું તે મેવાડ઼ જાહેર કરવાની હિંમત કરૂં છું. ૧૯૧૫ ના સાલની આ હકીકત હોવાથી તેમાં ત્રુટીઓ જ્યાં હવે તર્ક ચલાવી આપણે તે પર વિચાર કરીએ તો ઘણુ જાણવાનું મળશે

અને ૧૯૧૫ માં આપણા ઘર ૧૨૪ હતાં.

* ,, ૧૯૩૦ ,, ૧૫૦ ,, છે.

આ ઉપરથી માલુમ પડશે કે આપણે ઘરની સંખ્યામાં થોડા આગળ વધ્યા છીએ. અને તેથી આપણી કુલ સંખ્યામાં પણ થોડો વધારો થયો છે. ઘરો વધવાનું મુખ્ય કારણ સંયુક્ત કુટુંબો જુદાં પડયાં તેથી છેલ્લાં ૭ સાત વરસમાં એવા બનાવો સારા પ્રમાણમાં બન્યા છે. કેટલાંક ઘરો પ્રજાના અભાવે ઉડી ગયાં છે. તેનો છેલ્લો કરૂણ દાખલો તીગરા નિવાસી સ્વ. હરિશંકર દયારામ પાધ્યાના એકના એક પુત્રનું મરણ.

હિંદુસ્તાનની ઘણીખરી જ્ઞાતી પેઠે આ જ્ઞાતીમાં પણ જન્મ અને મરણ પ્રમાણ મોટું છે તેથીજ આ જ્ઞાતીની વૃદ્ધી જોઇએ તેટલી થતી નથી. દર વરસે નાના બાળકો તથા યુવાન સ્ત્રી પુરુષો આપણી નાની સંખ્યાના પ્રમાણમાં મોટી સંખ્યામાં મરી જાય છે. વૃદ્ધ મરણ જેને કુદરતી મરણ કહી શકાય તે આ મરણોના પ્રમાણમાં ઘણા થોડા થાય છે. આ વરસમાંજ દસથી વિશેષ છોકરાંઓ-છોકરીઓ મુખ્યત્વે કરીને-બળીઆથી સપડાઈ મરણ પામ્યાં છે. આમને આમ ચાલ્યા કરે તો છોકરાં છોકરીની સંખ્યામાં અસમાનતા આવી પણ જાય. એ પ્રશ્ન ઘણો ગંભીર છે. યુવાન સ્ત્રીઓ ક્ષય સુવારોગ વિ. થી લાંબા વખત સુધી પીડાઈ તેમના આત્મજનોને દુ:ખી બનાવી ગુજરી જાય છે. ત્યારે આપણે કહીએ કે 'મેવાડનુ નસીબજ એવું.' એ'વું કહેવું આપણને પાલવેજ નહિ. ઇશ્વર દયાળુ છે. રે એના પુત્ર પુત્રીઓને દુ:ખી જોઈ શકતો નથી આપણેજ દોષ પાત્ર હઈશું. કોઈ કહેશે કે ગરીબાઇને લીધે આપણે વધારે દુ:ખી છીએ. હા, ગરીબાઇ ખરી, પરંતુ એના ઉંડા કારણો બીજાં હશે કદાચ આપણે આરોગ્ય કેમ જળવાય તે વિષે અજ્ઞાન બતાવતા હઇશું આપણા વડીલો ઘણા ખરા સશક્ત હોય છે. તેમના ફરજંદો નબળા કેમ? અસલનું હાડ તે હવે નબળુ કેમ પડી ગયું? એ બધા સવાલોનો જવાબ વાંચકને પોતાની મેળે વિચારી લેવા વિનંતી કરી હું જ્ઞાતીની કેળવણી વિષે થોડી ચર્ચા કરૂં.

આપણે કેળવણીની નીચેની ત્રણ દીશામાં પ્રગતી કરી છે.

(૧) સંસ્કૃત—તેના પેટા વિભાગોમાંથી નીપજતી ધધાર્થ પ્રવૃત્તીઓ, જેવીકે: યજમાનવૃત્તી, વૈદું, જ્યોતીષુદ્રિ.

(૨) ગુજરાતી કેળવણી લઇ આપણામાંથી સ્કુલ માસ્તરો, તલાટીઓ તથા ગુમાસ્તાઓ વિ. વિ. થયા છે.

(૩) અંગ્રેજી કેળવણી—ડાકટરો અને કારકુનો

આ બધામાંથી થોડા અપવાદરૂપ બાદ કરીએ તો આપણે બહારની દુનીઆમાં મોભાવાળા સ્થાન મેળવી શક્યા નથી. કેટલાક કર્મકાંડીઓ (આપણી જ્ઞાતીના) મને કહે છે કે એ ધંધે

માન જેવી વસ્તુ તો છેજ નહિ. વિશેષ તો એ કે કોઇ [illegible] નહિ. વૈદુ અને જ્યોતીષુ પેટપુરતુ આપે છે. ગુજરાતી કેળવણી [illegible] અંગ્રેજીમાં તો કંઈ કહેવાપણું છેજ નહિ. પારડી તાલુકાના [illegible]જી. જે પ્રમાણ મઙ જુદી લાઇનમાં બાહોશીથી આગળ પડ્યા [illegible] ગોરોમાંથી કોઇ કોલેજના દરવાજા પસાર કરી શક્યો નથી અને વિશેષ [illegible]ગીરીની બાબત તો એ છે કે જ્યારે અંગ્રેજી કેળવણી લાભદાયી રહી નથી ત્યારે માબાપો પુત્રોને તે શીખવા મોટી સંખ્યામાં મોકલી આપે છે. આપણે હંમેશા મોડા જાગ્યા છીએ.

ઉપલા મુદ્દાઓ તપાસતાં એવો તોડ નીકળે કે આપણી માનસિક અને શારીરીક સ્થિતિ ઘણી નબળી છે. એને માટે કોણ જવાબદાર છે ? હુ નહિ કહું.

મુંબઈ તા. ૧૧-૮-૩૦.] **હરિશંકર મણિશંકર જોશી.**

—સંઘાવલોકન—

જ્ઞાતિજનોને વિનંતી:—જેઓ લેખ લખી શકે છે તેઓને લેખ મોકલવા વિનંતી છે. જેને લેખ લખવાની ઉમેદ હોય તેઓએ ખૂશીથી લેખ મોકલવા; દરેક જ્ઞાતિજનને વાર્ષિક વાંચન ફીનો રૂ. ૧) એક 'સંઘ'ના તંત્રીને મોકલવા વિનંતી છે. **પ્રકાશક.**

જન્મ:—ત્રવાડી ઇચ્છારામ નીછાભાઇને ત્યાં પુત્ર પ્રસવ.

ખેદજનક અવશાનો:—બીમપોરવાળા ભાઇશ્રી. ગૌરીશંકરનાં ધર્મપત્નિ ઉમ્મર આશરે વર્ષ વીસની દૈવીકોપથી બે દિવસની બિમારી ભોગવી મરણ પામ્યા જેને માટે આ 'સંઘ' ભારે દીલશોજી બતાવે છે. તેણીનાં આત્માને સ્વર્ગે શાન્તિ મળો અને ભાઇશ્રી ગૌરીશંકર અને તેમનાં કુટુંબ પર આવી પડેલી કુદરતી આફતો સહન કરવાની પ્રભુ શક્તિ આપો !

સ્વ. ભાઇશ્રી હરિશંકર દયારામ તીઘરાવાળાનાં પુત્ર અંબેલાલનાં અચાનક અવશાનથી ગં. સ્વ. બ્હેન પર અસહ્ય દુઃખનો દાવાનળ પ્રગટ્યો છે તેમાં તેણીને સહન કરવાની શક્તિ પ્રભુ આપો ! આ 'સંઘ' ભાઈ અંબુના અકાળ મૃત્યુ માટે ભારે દીલશોજી જાહેર કરે છે.

મૃત્યુ:—નરભેરામ શંભુરામ રોહીણા.

અ. સૌ. મહાલક્ષ્મી તે મંછારામ નરભેરામ સરોધીનાં ધર્મપત્નિ.

પંડયા:—વિશ્વનાથ મકનજીની પૌત્રી. અ. સૌ. બેન જસુ તે ભટ રામશંકર ભીખાભાઈ ઠાકરની પુત્ર વધુના અકાળ અવસાન માટે સખેદ નોંધ લે છે. **પ્રકાશક.**

૧૫૫૪

॥ શ્રી ગણેશાય નમઃ ॥

ચો. મે. બ્રા. યુવક સંઘનો વાર્ષીક હીસાબ.

સને ૧૯૨૯ સાં. ૧૯૮૫

જ	ઉ
૩૫) સને ૧૯૨૯ માં સભ્યોની ફીના આવ્યા.	૭) યુવક સંઘના કાગળો તથા પોસ્ટ કાર્ડ વીગેરે ખર્ચ થયો તે.
	૨૬) પોસ્ટ ઓફીસના સેવીંગ ખાતે મુકયા તેના.
	૩૩)

સને. ૧૯૩૦ સા. ૧૯૮૬

જ	ઉ
૨) શ્રી પુરાંત બાકી	૪) રસીદ બુકો સંઘના ફંડ માટે છપાવી તેના ખર્ચના.
૩૦) સભ્યોની ફીના ચાલુ વરસમાં આવ્યા તેના.	૨૮) પોષ્ટઓફીસના સેવીંગ ખાતે મુકયા તેના
૩૪)૦ા શ્રીસંઘના ફંડ ખાતે આવ્યા તેના	૧૧) ભાઇશ્રી રમણલાલે પત્રીકા છપાવી તેના ખર્ચની વીગત.
	૬)= આશા પત્રીકા છપાવી તેના ખર્ચના
	૪ાા= આવતી પત્રીકાની છપામણીના
	૧૧)
	૧૦) પોષ્ટ ઓફીસના સેવીંગ ખાતે મુકયા તા. ૨૩-૮-૩૦
૬૬)૦ા	૫૩)
	૧૩)૦ા શ્રી જણસે બાકી

નોયુવાનને નમ્ર યાચનાઃ-દીલગીરી સાથે જણાવવું પડે છે કે ઘણા સભ્યોની ફી હજી સુધી આવી નથી માટે દરેક સભ્યે મહેરબાની કરી વાર્ષિક ફી રૂા. ૧) તંત્રીને બંદોબસ્ત કરવો. વાતોમાં જેમ 'સંઘને ઉન્નતિને શીખરે ચઢાવવા માંગો છો તેનાં કર થઈ યથા શક્તિ સેવા કરવી વધારે ઉત્તમ છે. જાગ્યા ત્યાંથી સવાર માનો ! પ્ર

શ્રી ચો. મે. બ્રા. યુવક સં[illegible]
સભાસદોના નામોની [illegible]

પાઠ્યા	વીશ્વનાથ હરીશંકર	તીગરા
[illegible]	ઈચ્છારામ નીછાભાઈ	,,
પાઠ્યા	પ્રભાશંકર જગનાથ	,,
[illegible]	ભાલચંદ્ર દીનાનાથ	,,
જોશી	કાન્તીલાલ નારાયણ	પરીઆ
પંડ્યા	ગૌરીશંકર મંછારામ	ખુટેજી
,,	કાલીદાસ કરૂણાશંકર	પરીઆ
ભટ્ટ	મોહનલાલ શંભુરામ	ટુકવાડા
ભટ્ટ	મણીશંકર નારાયણ	,,
,,	પ્રાણશંકર મોતીરામ	,,
પંડ્યા	હરિકૃષ્ણ વીશ્વનાથ	પરવાસા
,,	કમળાશંકર વીશ્વનાથ	,,
,,	ભીખુભાઈ રામશંકર	,,
વૈદ્ય	બાલકૃષ્ણ પુરૂષોત્તમ	વટાર
,,	ઈચ્છાશંકર ભુલાભાઈ	,,
,,	કાલીદાસ ભગવાનજી	,,
શાસ્ત્રી	[illegible]ાશંકર નારાયણ	[illegible]
પાઠ્યા	[illegible]રલાલ રામશંકર	,,
જોશી	હરીશંકર મણીશંકર	ભીમપોર
,,	ગૌરીશંકર રૂદરજી	,,
,,	પ્રેમશંકર પ્રભાશંકર	,,
,,	મંછારામ જમીએતરામ	,,
પાઠ્યા	રમણલાલ લલ્લુભાઈ	ઓરવાડ
ભટ્ટ	ઉમેદરામ નારાયણ	ઉમરસાડી
ભટ્ટ	રવીશંકર ફકીરભાઈ	અલવાવ
પાઠ્યા	ગણપતરામ પુરૂષોત્તમ	રોહીણા
પંડ્યા	વલ્લભરામ કલ્યાણજી	બાલદા
પાઠ્યા	નાથુભાઈ કેશવરામ	કચીગામ
પુરાણી	ભાલચંદ્ર કૃષ્ણારામ	દમણ
જોશી	હીંમતરામ ઘેલાભાઈ	વટાર
ભટ્ટ	હરિલાલ મંછારામ	ટુકવાડા

શ્રી ચો. મે. બ્રા. યુવક સંઘને સદ્‌ગ્રહસ્થોએ લાગણી દર્શાવી ઉદારતા બતાવી મદદ કરી છે તેમનાં નામોની યાદી.

હા. કાન્તીલાલ નારણ જોશી.

૧૦) સ્વ. ડૉ. નારાયણ કૃષ્ણારામ જોશી ના સ્મરણાર્થે

૫) ભટ્ટ મોહનલાલ શંભુરામ

૧) પરસોતમ શંભુરામ પંડ્યા.

૯) હા. રમણલાલ લલ્લુભાઈ ઉપાધ્યા

૫) પોતાના શુભલગ્નના પ્રસંગમાં સંઘને મદદ આપી તેના

૧) છોટુભાઈ ગોપાળજી

૧) ઝીણાભાઈ લલ્લુભાઈ

૧) મગનલાલ ગોવીંદજી દેશાઈ

૧) છોટાલાલ એમ. મ્હેતા સ્ટોરકીપર લોકો ઓફીસ. ભરૂચ

---

૯)

૫) રા. માસ્તર વીશ્વનાથ હરીશંકરે ભટ્ટ શંભુરામ નારાયણ ટુકવાડા પાસે તેમનાં સ્વ. માતુશ્રીનાં સ્મરણાર્થે મેળવ્યા.

૪)૦। હા. ઈચ્છાશંકર ભુલાભાઈ

---

૩૪)૦।

બરાનપુરી ભાગળ, ભાજીવાળી પોળમાં આવેલા શ્રી "અનાવિલ બંધુ" પ્રી. પ્રેસમાં
ગોવિંદજી ડાહ્યાભાઈ નાયકે છાપ્યું.